# કૃષિ સંશોધન કેન્દ્ર અરણેજ ખાતે "રવી પાકોની તજજ્ઞતા" વિષય ઉપર એક દિવસીય તાલીમનુ આયોજન

કૃષિ સંશોધન કેન્દ્ર , અરણેજ અને આત્મા પ્રોજેક્ટ , અમદાવાદના સયુંક્ત ઉપક્રમે તા. ૨૧/૦૯/૨૦૧૭ ના રોજ રાજ્ય સરકાર પુરસ્કુત યોજના "સ્ટ્રેન્ધનીંગ ઓફ ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી સેન્ટર " અતર્ગત **"રવી પાકોની તજજ્ઞતા "** વિષય ઉપર એક દિવસિય તાલીમ યોજવામા આવેલ હતી. તેમાં ધોળકા અને બાવળા તાલુકા માંથી રવી પાકો જેવા કે ઘઉં, ચણા, જીરું અને સુવાનુ વાવેતર કરતા કુલ ૪૦ જેટલા ખેડુતોએ ભાગ લીધો હતો. કૃષિ સંશોધન કેન્દ્રના વડા, ડૉ. ડી. બી. સીસોદીયા , સહ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ વિષે માહિતી આપી અને રવી પાકોમાં જીવાત-રોગના સંકલિત નિયંત્રણ વ્યવસ્થાપન વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શ્રી એચ . બી પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા રવી પાકોમાં સુધારેલ જાતો વિષે વ્યાખ્યાન રજુ કરવામાં આવ્યુ હતુ. શ્રી એન . આર. બુંબડીયા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકએ રવી પાકોમાં ખાતર વ્યવસ્થાપન વિષે માહિતી આપી હતી. વધુમાં કેન્દ્ર ખાતે ફરજ બજાવતા શ્રી પી. આર. ચૌધરી, સીનિયર રિચર્ચ આસીસ્ટ ન્ટ દ્વારા રવી પાકોની ખેતી પધ્ધતિ વિષે માહિતી પૂરી પાડી હતી. તેમજ શ્રી એસ. બી. વિંઝુડા, સીનિયર રિચર્ચ આસીસ્ટ ન્ટ દ્વારા રવી પાકોમાં પિયત વ્યવસ્થાપન તેમજ ખેત ઓજારો અને શ્રી આર. કે. પટેલ સંશોધન સહાયક દ્વારા રવી પાકોની સજીવ ખેતી પધ્ધતિ વિશે માહિતી આપી હતી. કાર્યક્રમના અંતમાં આત્મા પ્રોજેક્ટ, અમદાવાદ તરફથી શ્રી આર. ડી. સોલંકી, બી.ટી.એમ.એ ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરી તાલિમ કાર્યક્રમ પુર્ણ જાહેર કર્યો હતો.






